RNI No. : GujGuj/2017/72587
Email:satyanisodhdaily@gmail.com
SATYANISODH (DAILY)

# દૈનિક સત્યની શોધ

સત્ય સાથે ચાલતું, ભ્રષ્ટાચાર સામે લડતું


satyanisodh    satyanisodh

Dhruv Pathak 884 924 3474
Website:www.satyanisodh.in

વર્ષ : ૮ ● અંક :૨૬૦ ● તારીખ: ૧૬-૦૯-૨૦૨૪, સોમવાર ● વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ-૬ ● કિંમત : ૩-૦૦ રૂપિયા ● મુખ્ય કાર્યાલય : ૨૩, મનમોહનપાર્ક, તા.વાઘોડિયા, જી.વડોદરા

OWNER PANKAJ JAIN ....9737 3737 05 "EDITOR IN CHIF NILESH PATHAK. 957 474 7458 "SAB EDITOR... NAGIN BHARATI GOSWAMI 9624 962 396 SNS WEB NEWS "DHRUV PATHAK 884 924 3474

## વડોદરામાં ઉદ્યોગપતિ બનવા આવેલો સંજીવ થોમસ પેઇન્ટર બની ગયો, યુનિ.ની આર્ટ ગેલેરીમાં ચિત્રોનું પ્રદર્શન



વડોદરા

સંજીવ થોમસ એક વિશિષ્ટ મિનરલ્સ કંપની બનાવવાનું તેમનું સ્વપ્ન સાકાર કરવા બરોડા આવ્યા હતાં, પરંતુ કોઈક કારણોસર પેપરવર્ક પૂર્ણ થયા નહિ. દરમિયાન સંજીવ થોમસે પોતાની કળા વિકસાવી અને ૩ વર્ષમાં ૧ પુસ્તક લખ્યું અને ૫૦થી વધુ પેઈન્ટિંગ બનાવ્યા. તેઓ ઉદ્યોગપતિ બનવાનું તો સપનું સાકાર ન કરી શક્યા, પરંતુ એક સારા પેઈન્ટર બની ગયા. તેઓના પેઈન્ટિંગનું પ્રદર્શન લોકોમાં આકર્ષણ જમાવી રહ્યું છે.

**રોજીરોટીની ચિંતા ન હતી**

સંજીવ થોમસને ખ્યાલ આવી ગયો કે, હું ગતિમાં ઉતાવળ કરી શકતો નથી, તેથી સમયરેખાને જ ચાલવા દઉં. તેમણે તેનું મન રોજિંદા જીવન મુક્ત કર્યું અને કંઈક કરવાની કળા ક્ષણનો જન્મ થયો. કોઈ સમયરેખા નથી, કોઈ લક્ષ્ય નથી, રોજીરોટી માટે ચિંતા કરવાની જરૂર ન હતી. ત્યારે સૌ પ્રથમ લેખક બનવાની મહેચ્છા ઉદભવી. કોર્પોરેટ કોન્ફરન્સ રૂમમાં ખોવાઈ ગયેલું બાળપણનું સપનું, આ બધું એક પ્રલયમાં પાછું આવ્યું અને કરાચીથી મલબાર એક પ્રેમની ઓડિસી, તેમની પ્રથમ સાહિત્યિક સહેલગાહ સક્ષમ કરવામાં આવી હતી. નોશન પ્રેસ દ્વારા સ્વયં પ્રકાશિત થયેલ પુસ્તકને ગોલ્ડન બુક એવોર્ડ ૨૦૨૩ મળ્યો છે. આ સિવાય પણ અન્ય ચાર પુસ્તકો લખી છે, પરંતુ આજના યુવાનો માટે વાંચન રસના અભાવના કારણે પ્રકાશિત કરવાની ઈચ્છા થતી નથી.

**આર્ટ ગેલેરીમાં પ્રદર્શન**

ત્યારબાદ ધોરણ ૭ માં તેમના આર્ટ ટીચરે તેમની પ્રશંસા કરી તે ક્ષણને યાદ કરીને ફરીથી હાથમાં કલર બ્રશ પકડ્યું. આગામી ૧૦૦ દિવસ માટે હાથમાં ઘણો સમય, તેમણે આગળ વધવાનું નક્કી કર્યું. તેમણે વિવિધ માધ્યમોમાં પેઈન્ટિંગની કારીગરી શીખી અને આજે સંજીવ થોમસનું વડોદરા શહેરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સના એક્ઝિબિશન હોલ ખાતે ધ રુકી પેઈન્ટર નામનું પ્રથમ વખત આર્ટ પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું છે. જેમાં લગભગ ૨૨ જેટલા વિવિધ વિષયો પર ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જે ખાસ કરીને એમણે એમના જીવનમાં અનુભવેલા પળો, સ્થળો, માનવજીવન, કુદરતી સૌંદર્ય, વગેરે બાબતોને સમાવી છે.

સંજીવ થોમસ એક વિશિષ્ટ મિનરલ્સ કંપની બનાવવાનું તેમનું સ્વપ્ન સાકાર કરવા બરોડા આવ્યા હતાં, પરંતુ કોઈક કારણોસર પેપરવર્ક પૂર્ણ થયા નહિ. દરમિયાન સંજીવ થોમસે પોતાની કળા વિકસાવી અને ૩ વર્ષમાં ૧ પુસ્તક લખ્યું અને ૫૦થી વધુ પેઈન્ટિંગ બનાવ્યા. તેઓ ઉદ્યોગપતિ બનવાનું તો સપનું સાકાર ન કરી શક્યા, પરંતુ એક

## અમરેલી તાલુકાના શેડુભાર ગામે જાહેરમાં જુગાર રમતા છ ઇસમોને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

તસ્વીર. ગોરધન દાફડા
અમરેલી



ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ. એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં રેતીવાડી વિસ્તારમાં આંગણવાડી પાછળની શેરીમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા છ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

**જુગાર રમતા પકડાયેલ ઈસમોઃ-**

(૧) રાજેશભાઈ નંદલાલભાઈ અગ્રાવત, ઉ.વ.૫૩, રહે.શેડુભાર, તા.જિ.અમરેલી.

(૨) રણજીતભાઈ જીલુભાઈ વાળા, ઉ.વ.૪૬ રહે.શેડુભાર, તા.જિ.અમરેલી.

(૩) રાજુભાઈ ગીરધરભાઈ ગોઠડીયા, ઉ.વ.૪૫, રહે. અડતાળા, તા.લાઠી, જિ.અમરેલી. (

૪) વીનુભાઈ જીવરાજભાઈ વૈષ્ણવ, ઉ.વ.૬૨, રહે.શેડુભાર, તા.જિ.અમરેલી.

( ૫) વીનુભાઈ ખોડાભાઈ ગોહીલ, ઉ.વ.૫૨, રહે.શેડુભાર, તા.જિ.અમરેલી,

(૬) ભુપતભાઈ મંગાભાઈ શીરોળીયા, ઉ.વ.૩૨, રહે.શેડુભાર, તા. જિ.અમરેલી.

**પકડાયેલ મુદ્દામાલ -**

રોકડા રૂ.૧૨,૫૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/- મળી કુલ કિ.રૂ.૧૨,૫૦૦/- નો મુદ્દામાલ.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ તથા હેડ કોન્સ. કિશનભાઈ આસોદરીયા, તુષારભાઈ પાંચાણી, મહેશભાઈ મુંધવા તથા પો.કોન્સ. વરજાંગભાઈ મુળીયાસીયા દ્વારા કરવામાં આવેલ છે.

સારા પેઈન્ટર બની ગયા. તેઓના પેઈન્ટિંગનું પ્રદર્શન લોકોમાં આકર્ષણ જમાવી રહ્યું છે.

રોજીરોટીની ચિંતા ન હતી

સંજીવ થોમસને ખ્યાલ આવી ગયો કે, હું ગતિમાં ઉતાવળ કરી શકતો નથી, તેથી સમયરેખાને જ ચાલવા દઉં. તેમણે તેનું મન રોજિંદા જીવન મુક્ત કર્યું અને કંઈક કરવાની કળા ક્ષણનો જન્મ થયો. કોઈ સમયરેખા નથી, કોઈ લક્ષ્ય નથી, રોજીરોટી માટે ચિંતા કરવાની જરૂર ન હતી. ત્યારે સૌ પ્રથમ લેખક બનવાની મહેચ્છા ઉદભવી. કોર્પોરેટ કોન્ફરન્સ રૂમમાં ખોવાઈ ગયેલું બાળપણનું સપનું, આ બધું એક પ્રલયમાં પાછું આવ્યું અને કરાચીથી મલબાર એક પ્રેમની ઓડિસી, તેમની પ્રથમ સાહિત્યિક સહેલગાહ સક્ષમ કરવામાં આવી હતી. નોશન પ્રેસ દ્વારા સ્વયં પ્રકાશિત થયેલ પુસ્તકને ગોલ્ડન બુક એવોર્ડ ૨૦૨૩ મળ્યો છે. આ સિવાય પણ અન્ય ચાર પુસ્તકો લખી છે, પરંતુ આજના યુવાનો માટે વાંચન રસના અભાવના કારણે પ્રકાશિત કરવાની ઈચ્છા થતી નથી.

આર્ટ ગેલેરીમાં પ્રદર્શન

ત્યારબાદ ધોરણ ૭ માં તેમના આર્ટ ટીચરે તેમની પ્રશંસા કરી તે ક્ષણને યાદ કરીને ફરીથી હાથમાં કલર બ્રશ પકડ્યું. આગામી ૧૦૦ દિવસ માટે હાથમાં ઘણો સમય, તેમણે આગળ વધવાનું નક્કી કર્યું. તેમણે વિવિધ માધ્યમોમાં પેઈન્ટિંગની કારીગરી શીખી અને આજે સંજીવ થોમસનું વડોદરા શહેરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સના એક્ઝિબિશન હોલ ખાતે ધ રુકી પેઈન્ટર નામનું પ્રથમ વખત આર્ટ પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું છે. જેમાં લગભગ ૨૨ જેટલા વિવિધ વિષયો પર ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જે ખાસ કરીને એમણે એમના જીવનમાં અનુભવેલા પળો, સ્થળો, માનવજીવન, કુદરતી સૌંદર્ય, વગેરે બાબતોને સમાવી છે.

## વડોદરા શહેરના પોલિસ કમિશ્નર શ્રી નરસિમ્હા કોમાર સરના ઓની પ્રેરણા થી વડોદરા શહેર પોલીસ મુખ્ય મથક ખાતે ઈકો ફ્રેન્ડલી ગણેશજીની સ્થાપના





વડોદરા :

વડોદરા શહેર ના પોલિસ કમિશ્નર શ્રી નરસિમ્હા કોમાર સર ના ઓની પ્રેરણા થી વડોદરા શહેર પોલીસ મુખ્ય મથક ખાતે ઈકો ફ્રેન્ડલી ગણેશજી ની સ્થાપના લાઈન ના બાળકો દ્વારા કરવામાં આવેલ છે. જે અંતર્ગત પોલીસ પરીવાર દ્વારા રોજેરોજ વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવી રહેલ છે.

જેમાં સુંદરકાંડ ના પાઠ, સત્ય નારાયણ ની કથા, રાસ ગરબા, ભજન કિર્તન ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

તથા આજરોજ તારીખ ૧૫-૦૯-૨૦૨૪ ના રોજ કલાક ૧૭:૦૦ વિગ્યા થી ×પવિત્રવન× ના પ્લાન્ટેશન નું આયોજન કરવામાં આવેલ હતું. માનનીય પોલીસ કમિશનરશ્રી નરસિમ્હા કોમાર સરનાઓ એ પ્લાન્ટેશન ની શુભ શરૂઆત કરાવેલ હતી અને પોલીસ અધિકારી/કર્મચારીઓ તેમજ લાઈન ના બાળકો એ સાથે મળી, મિયાવાકી પદ્ધતિ થી કુલ-૧૩૩ છોડ નું વાવેતર કરવામાં આવ્યું. આ પવિત્રવન માં છેલ્લા દિવસે ઈકો ફ્રેન્ડલી માટી ની ગણેશજીની મૂર્તિ નું વિસર્જન થાય બાદ આ માટી ને પવિત્રવન માં વિસર્જિત કરવામાં આવનાર છે. આરીતે લાઈન ના બાળકો વ્રુક્ષો ના જતન સાથે ભાવનાત્મક રીતે જોડાશે અને પર્યાવરણ નું જતન કરવા વધુનેવધુ પ્રોત્સાહિત થશે.

## હાલોલ નગર ખાતે ઈદ-એ-મિલાદ અને ગણેશ વિસર્જન ને લઈને હાલોલ ટાઉન પોલીસ અને એસઆરપી પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ

મહેન્દ્રસિંહ સોલંકી.
હાલોલ પંચમહાલ



હાલોલ નગરના મુખ્ય માર્ગો પર આજરોજ હાલોલ ટાઉન પોલીસ ખાતે હાલોલ ડીવાયએસપી વી.જે.રાઠોડ તેમજ ટાઉન પીઆઈ કે.એ.ચૌધરી અને એસઆરપી પોલીસ ની અધ્યક્ષતામાં ફ્લેગ માર્ચ યોજાઈ હતી.

હાલ સમગ્ર દેશ ભરમાં ગણેશ ચતુર્થી તેમજ મુસ્લીમ સમુદાયનો પવિત્ર તેહવાર ઈદે મિલાદ ની ભવ્ય ઉજવણી થઈ રહી છે ગણેશજી દસ દિવસ નું આતિથ્ય માણ્યા બાદ આગામી ૧૭ સપ્ટેમ્બર મંગળવારના રોજ હાલોલ નગર ખાતે ગણેશ વિસર્જન હોય તેમજ આવતીકાલે ૧૬ સપ્ટેમ્બર સોમવાર નાં રોજ મુસ્લિમ સમુદાયના પવિત્ર તહેવાર ઈદ-એ-મિલાદ પર્વની ઉજવણી ની તકેદારીના ભાગરૂપે હાલોલ ટાઉન પોલીસ તેમજ એસઆરપી પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.આ બંને તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં થાય તે માટે પોલીસ દ્વારા આજે નગરના મુખ્ય માર્ગો તેમજ વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ યોજાયું હતું.જેમાં નગરમાં આવતીકાલે નીકળનાર ઈદે મિલાદ ના જુલૂસ ના રૂટ નું નીરક્ષન કર્યું હતું જેમાં હાલોલ ડીવાયએસપી વી.જે.રાઠોડ તેમજ હાલોલ ટાઉન પીઆઈ કે.એ.ચૌધરી અને એસઆરપી પોલીસ સ્ટાફ સાથે ફલેગ માર્ચ યોજાઇ હતી

# સુરત ઉત્કર્ષ પરિવારની પુસ્તક પ્રવૃત્તિને પ્રોત્સાહન






**જ્ઞાન એ આકાશ છે પુસ્તકો ચળકતા તારાઓ**


રિપોર્ટ નટવરલાલ ભાતિયા

સુરત યોગીચોકમાં યોજાયેલ પુસ્તક પરબમાં નિવૃત્ત આચાર્ય શ્રી સણોસરા કન્યા શાળાના લક્ષ્મણભાઈ ડાભી, નિવૃત્ત આચાર્ય બાબુભાઈ કાકડિયા તથા શેવણી ગામના તલાટી મંત્રી મહેશભાઈ ઝાઝડિયા, શિક્ષક સોસાયટીના પ્રમુખ અનિલભાઈ પટેલ તથા સુરત પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ કીરીટભાઈ ગુજરાતી એ મુલાકાત લીધી. લક્ષ્મણભાઈ ડાભી તરફથી ૫૦૦૦/ રૂપિયા તથા દિલીપભાઈ રાઠોડ તરફથી ૫૦૦૦ /નું દાન આપવામાં આવ્યું હતું.ઉત્કર્ષ પરિવાર સૌનો આભાર માને છે.

## પૂ. મોરારિબાપુની રામકથામાં સ્વામી રામદેવ (પતંજલિ યોગ વિદ્યાપીઠ) ખાસ ઉપસ્થિત રહેશે

### સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે રાજકોટમાં ૨૩ નવેમ્બરથી ૧ ડીસેમ્બર પૂ. મોરારિબાપુની ૯૪૭ મી રામ કથાનો પ્રારંભ : વૃક્ષો અને વડીલો માટે થઇ રહ્યું છે રામકથાનું આયોજન

રિપોર્ટ નટવરલાલ ભાતિયા



રાજકોટમાં ૧૨ વર્ષ પછી વૃદ્ધો અને વડીલોનાં શુભાર્થે પૂ.મોરારિબાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. રામકથા ૨૩ નવેમ્બરથી શરુ થઈને ૧ ડિસેમ્બર સુધી ચાલશે. દરરોજ ૧ લાખ લોકો રામકથા શ્રવણ કરશે અને પ્રસાદ લેશે. વરિષ્ઠ નાગરીકો, દિવ્યાંગો, ગર્ભવતી મહિલાઓ,પ્રજ્ઞાચક્ષુઓ અને બાળકો માટે કથા શ્રવણ માટે વિશેષ વ્યવસ્થા કરવાનો પ્રત્યન થશે. પૂ. મોરારીબાપુની સમગ્રપણે ૯૪૭ મી રામકથા યોજાશે.વૃક્ષો અને વડીલો બંને છાયા આપે છે. પરિવારમાં જયારે વડીલ હોય ત્યારે માથા પર તેમની છત્રછાયા હોય તેવો અનુભવ થાય છે અને વૃક્ષો પણ છાયા આપે છે. આ કથાનું આયોજન વૃક્ષો અને વડીલો માટે કરવામાં આવ્યું છે. અગાઉ રાજકોટમાં મોરારીબાપુની સૌ પ્રથમ રામકથા ૧૯૭૬ માં થઈ હતી ત્યારબાદ ૧૯૮૨, ૧૯૮૬ અને એ પછી ૧૯૯૮ માં માનસ મુદ્રિકા, ૨૦૦૭ માં માનસ વાલ્મિકી, ૨૦૧૨ માં માનસ હરિહર નામે રામકથા યોજાઈ હતી.સ્વામી રામદેવ પતંજલિ યોગવિદ્યાપીઠનાં સ્થાપક છે. તેમનું મુખ્ય કાર્યાલય હરિદ્વારમાં આવેલું છે. યોગ ગુરુ બાબા રામદેવે યોગાસનને જનતામાં લોકપ્રિય બનાવવાનુ તેમજ આયુર્વેદિક ચિકિત્સા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યુ છે.

સંસ્કાર, સંસ્કૃતિ અને સેવાનાં સિંચન સમા આ રામકથા આયોજનમાં બાબા રામદેવ હાજરી આપવાના છે.

સદભાવના વૃદ્ધાશ્રમ નાં લાભાર્થે તા.૨૩ નવેમ્બર–૨૦૨૪ થી તા. ૦૧ ડીસેમ્બર-૨૦૨૪ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ,રાજકોટ ખાતે વૈશ્વિક રામકથા યોજાનાર છે. વૈશ્વિક રામકથાની વિશેષ વિગતો માટે મો.૯૬૬૪૮૫૧૭૩૮ પર સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે.

## મહિલા કોંગ્રેસના સ્થાપના દિવસના ૪૦ વર્ષ પૂર્ણ થતાં ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખ જેનીબેન ઠુંમર દ્વારા પ્રેસ વાર્તાનું સંબોધન કરવામાં આવ્યું




રિપોર્ટ નટવરલાલ ભાતિયા

અમદાવાદ અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના સ્થાપના દિવસના ૪૦ વર્ષ પૂર્ણ થયા નિમિત્તો આજે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જેનીબેન ઠુંમર દ્વારા ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ પ્રેસ વાર્તાનું સંબોધન કરવામાં આવ્યું.

આઝાદી ની લડાઈમાં મહાત્મા ગાંધીજીએ ગૃહિણીઓને સ્વતંત્રતા અભિયાનમાં જોડ્યા. સત્યાગ્રહ, ધરણા અને આંદોલનકારી સક્રિયતા મહિલાઓએ દાખવીને આઝાદીની લડતને વેગવંતી બનાવવા માટે મહત્વનું યોગદાન આપ્યું. આઝાદી પછી રાષ્ટ્રનિર્માણ માટે મહિલાઓને સક્રિયતાથી જોડવાના ભાગરૂપે તત્કાલિન વડાપ્રધાન લોખંડી મહિલા ઈન્દિરા ગાંધીજી દ્વારા ૧૫/૦૯/૧૯૮૪ ના રોજ મહિલા કોંગ્રેસની સ્થાપના કરવામાં આવી .

મહિલાઓના રાજકીય સામાજિક અને આર્થિક સશક્તિકરણ માટે મહિલા કોંગ્રેસ દ્વારા સક્રિયતાથી મહિલાઓને મુખ્યધારામાં જોડવા અને એમનો અવાજ બુલંદ કરીને ન્યાય આપવાના પૂરતા પ્રયાસો આજ દિવસ સુધી કર્યા છે.

ભારત રત્ન તત્કાલીન વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીજી એ મહિલાઓને મુખ્ય ધારામાં જોડવા માટે રાજકીય સશક્તિકરણ જરૂરી ગણાવી ૩૩ % આરક્ષણની હિમાયત કરી જેના ભાગરૂપે રાજકીય ક્ષેત્રમાં મહિલાઓનો અવાજ અને ભાગીદારી સુનિશ્ચિત થઈ જે આજે સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓમાં ૫૦% આરક્ષણ સુધી પહોંચી છે.મહિલા કોંગ્રેસના નારી ન્યાય આંદોલન દ્વારા મહિલાઓ માટેનું ૩૩ % આરક્ષણ વિધાનસભા અને લોકસભામાં પણ અમલમાં આવે એવી બુલંદ માંગણી કરવામાં આવી છે અને હજી પણ લડત ચાલુ છે.આજના મહિલા કોંગ્રેસ સ્થાપના દિવસે મહિલા સદસ્યતા અભિયાન તથા મહિલા કોંગ્રેસની વેબસાઈટ રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે લોન્ચ કરવામાં આવેલ. જે અભિયાન થકી દરેક મહિલાઓ સભ્ય બની પોતાની ભાગીદારી નોંધાવી શકે છે તથા સદસ્યતા મેળવી કોંગ્રેસ પક્ષ સાથે જોડાઈ શકે છે.

## ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ દ્વારા ૧૨ મો વિદ્યાર્થી સન્માન સમારોહ અવધ હેરીસ્ટેજ ખાતે યોજાયો



રિપોર્ટ નટવરલાલ ભાતિયા

અમરેલી અવધ હેરીસ્ટેજ ખાતે બગસરા સમસ્ત મારવાડી વણકર સમાજ આયોજિત સમસ્ત ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ દ્વારા ૧૨ મો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

સમસ્ત ગુજરાત મારવાડી વણકર સમાજ ના ૧૨ માં વિદ્યાર્થી સન્માન સમારોહ માં ડો યોગેશ જોગસણ ની અધ્યક્ષતા માં અતિથિ વિશેષ ઉદ્ઘાટક જીનેશભાઈ બઢીયા વિજયભાઈ ડાભી આશીર્વચન ધર્મેન્દ્ર હેજમ છગનભાઈ બોરીચા સાહિત્યકાર દેવજીભાઈ બાજક શિલ્ડ ના કાયમી દાતા શાંતિલાલ રાણવા સહિત અનેક નામી અનામી સમાજ શ્રેષ્ટિ કેળવણી રત્નો રાજસ્વી અગ્રણી સાહિત્યકાર કવિ ઓ કર્મચારી ની વિશાળ ઉપસ્થિતિ માં વિદ્યાર્થી ઓને પ્રોત્સાહિત પુરસ્કારો થી સન્માનિત કરાયા હતા પ્રવીણભાઈ સેજુ અમૃત બોરીચા બાબુભાઇ બાજક ની ઉત્તમોત્તમ વ્યવસ્થા શક્તિ થી યોજાયેલ સમસ્ત ગુજરાત મારવાડી વણકર સમાજ વિદ્યાર્થી સન્માન સમારોહ સમગ્ર ગુજરાત ભર માંથી અસંખ્ય તાલુકા ઓ અને જિલ્લા ઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માંથી અગ્રણી ઓ વાલી ઓ ઉપસ્થિત રહ્યા હતા

### બગસરા વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા પ્રેરીત



## જ્યોતી મહિલા વિકાસ સંગઠન દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાય ગયો

રિપોર્ટ નટવરલાલ ભાતિયા

બગસરા વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા પ્રેરીત, જ્યોતી મહિલા વિકાસ સંગઠન બગસરા દ્વારા, તારીખ ૧૪ સપ્ટેમ્બર ને શનિવાર નાં રોજ મહિલા મંડળ ની બહેનો ના તેજસ્વી તારલાઓ નો સન્માન સમારંભ યોજાય ગયો. જેમાં બગસરા શહેર માં ચાલતાં ૩૫ મહિલા મંડળ ના ૨૪ તેજસ્વી બાળકો ને રાજયોગીની બ્રહ્મ કુમારી શ્રી રસિલાદીદી ના અધ્યક્ષ સ્થાને તથા અમરેલી જિલ્લા ના જાણીતા મહિલા અગ્રણી શ્રીમતી ભાવનાબેન ગોંડલિયા અને કોકિલા બેન કાકડિયા ના અતિથિ વિશેષ સ્થાને એક મહિલા સંવાદ અને વિધાર્થી સન્માન કાર્યક્રમ યોજાય ગયો. જેમાં બાળ કેળવણી માં માતા ની ભૂમિકા, મહિલા ઓ આત્મ નિર્ભર કેવી રીતે બની શકે? આપણી આધ્યાત્મિક શક્તિ ને ઉજાગર કરી, જીવન જીવવાનો આનંદ કેવી રીતે મેળવી શકાય? સામાજિક અને પારીવારીક પ્રશ્નો ઉકેલવા માટે ની સમજ કેળવવાની કેળવણી આપવાથી, એક તંદુરસ્ત સમાજ નું નિર્માણ થય શકશે. આપણે આવતીકાલ નો સમાજ કેવો બનાવવો છે? તેનો આધાર બાળ કેળવણી છે. માત્ર અભ્યાસ લક્ષી શિક્ષણ આપવામાની જગ્યાએ જીવન ઘડતર ના શિક્ષણ ની ખાસ જરૂર છે, જે બાબતે મહિલા મંડળ ની બહેનો સામુહિક સહ ચિંતન કરી, બાળ માનસ નું ઘડતર કરતા થાય, તેવો પ્રયાસ કરવા સૌ ઉપસ્થિત મહાનુભાવો એ સુર વ્યક્ત કરેલ. આ કાર્યક્રમમાં સીનીયર સીટીઝન પરીવાર બગસરા ના પ્રમુખ શ્રી નિરૂપમા બેન વૈષ્ણવ, બાળ કેળવણી મંદીર બગસરા ના નિયામક શ્રી ભારતીબેન ધાંધીયા, જનતા કન્યા વિદ્યાલય ના આચાર્ય શ્રી શોભનાબેન શેખ, મહિલા સંગઠન ના પ્રમુખ શ્રી નિગમ બેન બૂચ, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા ના ટ્રસ્ટી શ્રી જયશ્રીબેન સાવલિયા વગેરે એ ૨૦૦ થી વધુ બહેનો ને જરૂરી માર્ગદર્શન આપી, ૨૪ બાળકો ને સન્માન પત્ર અને ઈનામો આપી બાળકો ને બીરદાવેલ. તેમજ બાળકો અને તેની માતાઓએ પોતાનો પ્રતિભાવ આપી, સંગઠન ની કામગીરી ને બિરદાવી હતી તેમ મહિલા સંગઠન ના મંત્રી શ્રી કવિતા બેન ડામોર ની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ૫ લાખના નુકસાન સામે ૮૫ હજાર સહાય, વેપારીઓએ CMને મળવાનો સમય માગ્યો; કહ્યું- વિશ્વાસ છે PM મોટું પેકેજ જાહેર કરશે




વડોદરા

વડોદરામાં માનવસર્જિત પૂરે હજારો વેપારીઓને કરોડોનું નુકસાન પહોંચાડ્યું છે. સરકારે પૂર રાહત પેકેજ જાહેર કરીને મલમ લગાવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ વેપારીઓ કહી રહ્યા છે કે પૂર રાહત પેકેજ 'ટીપા' જેવું છે. ૫ લાખના નુકસાન સામે ૮૫ હજાર સહાય મળશે. આવી તો અનેક વિસમતાઓ છે. ત્યારે હવે શહેરના ૫ મોટા વેપારી એસોસિયેશને આ અંગે રજૂઆત કરવા ઝસ પાસે મળવાનો સમય માંગ્યો છે. અને કહ્યું છે કે અમને વિશ્વાસ છે કે ઁસ ગુજરાત મુલાકાત દરમિયાન વડોદરા માટે મોટું પેકેજ જાહેર કરશે.

રાજ્ય સરકારે પૂરથી અસરગ્રસ્ત વડોદરાના વેપારીઓ માટે ૫ હજારથી લઈને ૮૫ હજાર રૂપિયા સુધીની સહાયની જાહેરાત કરી હતી. જોકે, વેપારીઓ સરકારની આ જાહેરાતથી નાખુશ છે અને તેમના લાખોના નુકસાન સામે હજુ પણ વધુ સહાયની રકમ વધારવા માટેની માંગણી કરી રહ્યા છે. આ જાહેરાત બાદ શહેરના ૫ મોટા સંગઠનોની મિટિંગ કરી હતી, જેમાં આવનારા દિવસોમાં મુખ્યમંત્રીને મળવાનો સમય તેમજ સહાયની રકમ વધારવાની માગ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સર્વેની કામગીરીમાં વેપારીઓને પણ સામેલ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

વેપાર વિકાસ એસોસિએશનના પ્રમુખ પરેશ પરીખે જણાવ્યું હતું કે, વડોદરા એક માત્ર ગુજરાતનું અને ભારતનું શહેર છે કે, જેમાં અલગ-અલગ સંગઠનો વચ્ચે જયારે જયારે વેપારીઓને તકલીફ પડે છે ત્યારે આ તમામ સંગઠનો ઉદ્યોગપતિ હોય કે વેપારી જગત ભેગા થઈને અમે સરકાર સામે વેપારીના પ્રશ્નો ઉકેલવા માટે મહેનત કરીએ છે, હવે જ્યારે વડોદરામાં માનવસર્જિત પૂર આવ્યું છે અને એમાં હજારો વેપારીઓને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે અને એમના વળતર માટે ફરી એક વખત અમે આ પાંચ સંગઠનો ભેગા થયા છે, જેમાં અમારું વડોદરા વેપાર વિકાસ એસોસિએશન, મધ્ય ગુજરાત વેપારી મંડળ, હાથીખાના ગ્રીન મર્ચન્ટ એસોસિયેશન અને એફએમસીજી, વડોદરા અને ફઝઝૈં ભેગા થઈને એક નિર્ણય પર આવ્યા છીએ.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સરકારે એક પરિપત્ર આપ્યો અને પાંચ અલગ-અલગ રીતે સહાય માટે આપેલી છે, એમાં સુધારા-વધારા કરવા અમુક મુદ્દામાં અમે સહમત નથી. આ બધી બાબતોમાં અમે આજે ચર્ચા-વિચારણા કરીને આવ્યા છીએ કે, અમે તાત્કાલિક ધોરણે અમે મુખ્યમંત્રીની અપોઈન્ટમેન્ટ માંગવા જઈ રહ્યા છીએ. વડોદરાના તમામ વેપારીઓના સંગઠનને ગુજરાતના મુખ્યમંત્રી પ્રત્યે ખૂબ આદર ભાવ છે અને સન્માન છે અને જ્યારે-જ્યારે વેપારીઓને અને અમારા જૈન સમાજને તકલીફ પડી છે ત્યારે આ મુખ્યમંત્રીએ ત્વરિત નિર્ણય લીધેલા છે ત્યારે પાંચ મુદ્દાનો જે સરકારે પરિપત્ર બહાર પાડ્યો છે અને એમાં પાંચ વેપારીને સામેલ કર્યા નથી એટલે અમે સરકારને કહેવા માંગીએ છે કે, જો તમારે ટ્રાન્સપરન્ટ રીતે પારદર્શક રીતે પૂરેપૂરા પૈસા પહોંચાડવા હોય અને વેપારીઓને સામેલ કરો અને તમારી સાથે વાતચીત કરવા માટેની એક મીટીંગનું આયોજન કરો.

તેમણે ઉમેર્યું હતું કે સરકારે જે સ્કવેર ફીટ પ્રમાણે સહાય આપવાની વાત કરી છે તે યોગ્ય નથી. હવે ૨૦૦ ફૂટની દુકાનમાં એક નાનો વેપારી ૫ કરોડ રૂપિયાનો ધંધો કરતો હોય અને એક ૨૦૦૦ ફૂટની દુકાનમાં વર્ષે ૫૦ લાખનો ધંધો કરતો હોય. તમારા સ્કવેર ફીટ પ્રમાણે વળતર આપવું ન જોઈએ, પ્રોડક્ટ પ્રમાણે વળતર આપવું જોઈએ. સરકારે આ બહુ મોટી ભૂલ કરેલી છે. અલકાપુરી વિસ્તારમાં એક વેપારીને ૪૦થી ૫૦ લાખ રૂપિયાનું નુકસાન થયું છે. તેનો કાપડ સહિતનો તમામ પાણીમાં પલળી ગયો છે. ઉપરાંત એક લાઈબ્રેરીમાં ૨૨ લાખ રૂપિયાનો પુસ્તકો પાણીમાં પલળી ગયા છે. ઈન્સ્યોરન્સ કંપનીવાળા બેઝમેન્ટમાં ઈન્સ્યોરન્સ આપતા નથી. આજે સૌથી વધારે નુકસાન બેઝમેન્ટમાં થયું છે. વડાપ્રધાન મોદી અમદાવાદના પ્રવાસે આવી રહ્યા છે, ત્યારે અમને વિશ્વાસ છે કે, વડાપ્રધાન વડોદરા માટે મોટું પેકેજ જાહેર કરશે.

પૂરથી અસરગ્રસ્ત વેપારી રવીન્દ્ર સતપાલે જણાવ્યું હતું કે, આ વર્ષે પૂરમાં અચાનક જ પાણી આવી જતા અમારી દુકાનનો તમામ સામાન પાણીમાં પલળી ગયો હતો અને ૫ લાખ રૂપિયાનું નુકસાન થયું છે. સરકારે જે સહાય જાહેર કરી છે તે ખૂબ જ ઓછી છે. ૮૫ હજાર રૂપિયા કંઈ ના કહેવાય. અમારા ૫ લાખના નુકસાન સામે એક ટીમ્પુ પાણી સમાન પણ ન કહેવાય. મારો એવું કહેવું છે કે સરકાર બે થી ત્રણ લાખ રૂપિયા આપે તો પણ થોડી મદદ મળી રહેશે. અત્યારે મને પરિવારનું ગુજરાન ચલાવવામાં ખૂબ મુશ્કેલી પડી રહી છે. હવે આજે પૈસા લાવીને ફરી ધંધો શરૂ કર્યો છે. વેપારી સંદીપ ભટ્ટે જણાવ્યું હતું કે, અમારા ફિનિક્સ કોમ્પ્લેક્સમાં હજી પણ પાણી ભરાયેલા છે. મારી દુકાનમાં ૭-૮ લાખ રૂપિયાનું નુકસાન છે. સરકારી જે સહાયની જાહેરાત કરી છે, તે અમારા સુધી પહોંચે તો અમને મદદ મળી રહેશે. અમારા વિસ્તારમાં જે કન્સ્ટ્રક્શન થઈ ગયા છે તેને કારણે પાણી બ્લોક થઈ રહ્યું છે અને તેના કારણે અમારા કોમ્પલેક્ષમાં પાણી ભરાઈ જાય છે. જેના કારણે અમારે મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. અમારા આખા કોમ્પ્લેક્સમાં વેપારીઓને મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે.

મધ્ય ગુજરાત વેપારી મંડળ અને હાથીખાના ગ્રીન મર્ચન્ટ એસોસિયેશનના પ્રમુખ નિમેષભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, સરકારે જે રાહત આપી છે એ સારી વાત છે પરંતુ, અમારી લાગણી એવી છે કે જે સહાય વિતરણ થાય તેમાં વેપારીઓને સાથે રાખવામાં આવે. આ ઉપરાંત જે વેપારીઓ માટે ૮૫ હજાર રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે તેમને ૫ લાખ રૂપિયા સુધીની સહાય કરવામાં આવે. જ્યારે મોટા વેપારીઓને ૨૦ લાખ સુધીની વ્યાજ વગરની લોન આપવામાં આવે એવી અમારી માગણી છે.

હ્લસ્ઝ્ર વડોદરાના મંત્રી જીગ્નેશભાઈ શાહે જણાવ્યું હતું કે, સરકારે અમારા વેપારીઓ માટે વિચાર્યું, એના માટે અમે વેપારીઓ તેમનો આભાર માનીએ છીએ પરંતુ, જે નાના વેપારીઓને ૫ હજાર, ૨૦ હજાર અને ૪૦ હજારની સહાય કરવામાં આવી છે, તેમાં વેપારી એસોસિએશનને સાથે રાખવામાં આવે અને ૮૫ હજારની સહાય જે વેપારીઓને કરવામાં આવનાર છે, તેમને વધારે સહાય કરવામાં આવે એવી અમારી માંગણી છે. આ ઉપરાંત જે વેપારીઓને લાખની લોન આપવાની વાત છે તેમાં વ્યાજ વગરની લોન આપવામાં આવે તેવી અમારી માંગણી છે અને જે વ્યાપારીઓની લોન ચાલી રહી છે તેમને વ્યાજમાં રાહત આપવામાં આવે તેવી પણ અમારી માંગણી છે. VCCIના પ્રમુખ હિમાંશુભાઈએ જણાવ્યું હતું કે, ઉદ્યોગો માટે સરકારની કોઈ જાહેરાત થઈ નથી. ચાર દિવસની પૂરની પરિસ્થિતિ બાદ રોડ, રસ્તા અને લાઈટ સહિતનું બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સરકાર ઝડપથી સરખું કરી આપે. એની હાલ તાતી જરૂરિયાત છે એવી અમારી રજૂઆત છે.

## વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,

# પશુની છે, પંખીની છે વનોની છે છે વનરાજી...(ઉમાશંકર જોશી)

## રાભડા ગામે મિલન મેરુલિયા દ્વારા સામાજિક વનીકરણ અભિયાન





**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**



દામનગર ના રાભડા ગામે સામાજિક વનીકરણ વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુની છે, પંખીની છે વનોની છે છે વનરાજી...(ઉમાશંકર જોશી)

શ્રી રાભડા પ્રાથમિક શાળામાં સામાજિક વનીકરણના ભાગરૂપે ગામના બાળકોમાં પર્યાવરણ પ્રત્યે સભાનતા કેળવાય અને એક વૃક્ષ હું પણ વાવીશ..

મારું વૃક્ષ હું પણ ઉછેર કરીશ... એને હું જીવની જેમ જતન કરીશ એવી ભાવનાથી ગામના દાતા મિલિનભાઈ હિંમતભાઈ મેરુલિયા ના આર્થિક સહકારથી રોપા વિતરણ કરવામાં આવ્યા... બાળકોના ચહેરા ઉપર નો આનંદ ઈશ્વરીય આનંદ હતો.. લાઠી તાલુકા અને અમરેલી જિલ્લા શિક્ષણ વિભાગ અને સમગ્ર વન પ્રેમી જનતા દ્વારા રાભડા પ્રાથમિક શાળાના બાળકો શિક્ષકો અને દાતાને ધન્યવાદ પ્રગટ કરવામાં આવેલ..

# અકોટામાં ડ્રેસ મટિરિયલની દુકાનમાં ત્રણ શખસે તાળું તોડી ચોરી કરી, પોલીસે તપાસ શરૂ કરી





વડોદરા

વડોદરા શહેરના અકોટા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ પ્રોડક્ટિવ રોડ પર સુઈ-ધાગા બે નામની દુકાનમાં વહેલી સવારે તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનમાંથી ચણીયા ચોલી તેમજ ડ્રેસ મટિરિયલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. અકોટા પોલીસે ફરિયાદના આધારે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

વડોદરા શહેરમાં અવારનવાર ચોરીના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે આજે વડોદરા શહેરના અકોટા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ પ્રોડક્ટિવ રોડ પર સુઈ-ધાગા બે નામની દુકાનમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. આ બનાવની જાણ અકોટા પોલીસને થાતાં તાત્કાલીક સ્થળ પર પહોંચી કાર્યવાહી શરૂ કરી છે. તસ્કરો દ્વારા શટરમાં લાગેલા લોક તોડીને ચોરીને અંજામ આપ્યો હતો.

આ સમગ્ર ઘટનામાં રોકડ રકમ સહિત ડ્રેસનું મટિરિયલ અને ચણીયા ચોલીની ચોરી કરી તસ્કરો ફરાર થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે આકોટા પોલીસે સીટીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે. આ સમગ્ર ઘાટના આજે સવારે ૫ વાગ્યાના અરસામાં બની હતી. આ ઘટનાને લઈ આસપાસનાં વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

આ બનાવ અંગે અકોટા પોલીસ મથકના પી.આઇ વાય. જી. મકવાણાએ જણાવ્યું હતું કે, આ ચોરીની ઘટના વહેલી સવારે ૦૫:૩૦ વાગ્યાની આસપાસ બની છે. આ ઘટના અંગે અકોટા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. વેપારીની ફરિયાદ અમે લઈ રહ્યા છીએ. અંદાજિત ૮૦,૦૦૦ની આસપાસનો મુદ્દામાલની ચોરી કરી ગયા છે અને સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

# વડોદરાના શ્રવણે ડ્રાયફ્રુટ વાળા ૩ હજાર લાડુ અને ૫ હજાર ગરમાગરમ રોટલી ગાયોના ડાઇનિંગ ટેબલ પર પીરસી





વડોદરા

વડોદરા સહિત દેશભરમાં હાલ રંગેચંગે ગણોશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે વિતેલા સાડા ત્રણ વર્ષથી જરૂરીયાતમંદ માટે સેવાની અવિરત ધુણી ધખાવતી શ્રવણ સેવા ફાઉન્ડેશન દ્વારા ગણેશજીના અતિપ્રિયા એવા લાડુનો ભોગ ૩૩ કરોડ દેવી દેવતાઓનો જેમનામાં વાસ છે, તેવા ગૌ માતાને અર્પણ કર્યો છે. સાથે જ ગરમાગરમ રોટલીઓ પણ ગૌ માતાઓને જમાડવામાં આવી છે. આમ, ગણોશોત્સવ પર્વને ગૌ સેવા સાથે જોડવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું સંસ્થાના ફાઉન્ડર નીરવ ઠક્કર દ્વારા જણાવવામાં આવ્યું છે.

હજારો કિલો ફળો, રોટલી, લીલુ ઘાસ, કેરીનો રસ વગેરે અર્પણ કર્યાને રેકોર્ડ


સંસ્થાના ફાઉન્ડર નીરવ ઠક્કરે જણાવ્યું છે, શ્રવણ સેવા ફાઉન્ડેશન છેલ્લા સાડા ત્રણ વર્ષથી વધુ સમયથી વિવિધ સેવાકાર્યોમાં જોડાયેલી છે. અમે ફૂટપાથ પર જીવન વ્યતિત કરવા મજબુર નિસહાય વૃદ્ધોને સાડા ત્રણ વર્ષથી નિયમીત સ્વાદિષ્ટ ભોજનસેવાઓ આપી રહ્યા છે. ત્યારે તેમની સાથે હવે સંસ્થા દ્વારા ગૌ સેવા માટેના સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે અત્યાર સુધી અમે હજારો કિલો ફળો, રોટલી, લીલુ ઘાસ, કેરીનો રસ વગેરે પાંજરાપોળમાં આશરો લેતી ગૌ માતાને અર્પણ કર્યું છે. હાલમાં ગણેશોત્સવ ચાલતો હોવાથી અમે ગણેશજીના અતિપ્રિય એવા લાડુનો ભોગ ગૌ માતાઓને અર્પણ કર્યો છે.

નીરવ ઠક્કરે વધુમાં જણાવ્યું કે, અમારા દ્વારા ૩ હજાર જેટલા ડ્રાયફ્રુટ લાડુ અને ગરમાગરમ રોટલીનો ભોગ કરજણ પાંજરાપોળમાં આશરો લેતી ગૌ માતાઓને અર્પણ કરવામાં આવ્યો છે. ગૌ માતા માટે ડાઈનીંગ ટેબલ પર પીરસેલા લાડું અને રોટલીનો ભોગ સફાચટ કરી દીધો હતો. જે તેમની લાડુપ્રિયતાની સાબિતી આપે છે. અમે ગણોશોત્સવના પર્વને ગૌ સેવા સાથે જોડીને તેમને પૌષ્ટિક લાડુ જમાડવાનો પ્રયાસ કર્યો છે.

આખરમાં નીરવ ઠક્કર ઉમેરે છે કે, ગૌ માતામાં ૩૩ કરોડ દેવી દેવતાઓનો વાસ છે, આ વાત આપણે સૌ જાણીએ છીએ. આપણી આસપાસ જ્યાં પણ ગૌ માતા દેખાય તેમને ફળ, રોટલી તથા ઘાસ ખવડાવવું જોઈએ. ગૌ માતા કચરો અને પ્લાસ્ટીક ના ખાય તે વાતનું ધ્યાન રાખવું આપણા સૌની જવાબદારી છે.

# અકોટામાં ડ્રેસ મટિરિયલની દુકાનમાં ત્રણ શખસે તાળું તોડી ચોરી કરી, પોલીસે તપાસ શરૂ કરી





વડોદરા

વડોદરા શહેરના અકોટા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ પ્રોડક્ટિવ રોડ પર સુઈ-ધાગા બે નામની દુકાનમાં વહેલી સવારે તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનમાંથી ચણીયા ચોલી તેમજ ડ્રેસ મટિરિયલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. અકોટા પોલીસે ફરિયાદના આધારે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

વડોદરા શહેરમાં અવારનવાર ચોરીના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે આજે વડોદરા શહેરના અકોટા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ પ્રોડક્ટિવ રોડ પર સુઈ-ધાગા બે નામની દુકાનમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. આ બનાવની જાણ અકોટા પોલીસને થાતાં તાત્કાલીક સ્થળ પર પહોંચી કાર્યવાહી શરૂ કરી છે. તસ્કરો દ્વારા શટરમાં લાગેલા લોક તોડીને ચોરીને અંજામ આપ્યો હતો.

આ સમગ્ર ઘટનામાં રોકડ રકમ સહિત ડ્રેસનું મટિરિયલ અને ચણીયા ચોલીની ચોરી કરી તસ્કરો ફરાર થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે આકોટા પોલીસે સીટીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે. આ સમગ્ર ઘાટના આજે સવારે ૫ વાગ્યાના અરસામાં બની હતી. આ ઘટનાને લઈ આસપાસનાં વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

આ બનાવ અંગે અકોટા પોલીસ મથકના પી.આઈ વાય. જી. મકવાણાએ જણાવ્યું હતું કે, આ ચોરીની ઘટના વહેલી સવારે ૦૫:૩૦ વાગ્યાની આસપાસ બની છે. આ ઘટના અંગે અકોટા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. વેપારીની ફરિયાદ અમે લઈ રહ્યા છીએ. અંદાજિત ૮૦,૦૦૦ની આસપાસનો મુદ્દામાલની ચોરી કરી ગયા છે અને સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

# રાભડા ભૂતપૂર્વ વિદ્યાર્થી એ માતૃ સંસ્થા પ્રાથમિક શાળા ની મુલાકાત લઈ વિદ્યાર્થી ઓને અલ્પહાર કરાવ્યો





**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**

દામનગર શ્રી રાભડા પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી વિશાલ દિનેશભાઈ કાલીયાણી જેવો ગારીયાધાર મુકામે પીજીવીસીએલ વિભાગમાં પોતાની ફરજ બજાવી રહ્યા છે.નોકરી પછી માતૃ સંસ્થા પ્રથમિલ શાળા આ આવી વિદ્યાર્થી ઓને અલ્પહાર કરવી સુંદર સદેશ આપ્યો હતો વ્યક્તિ ગમે એટલી વિકસે વિસ્તરે પણ

તેણે અભ્યાસ કરેલ માતૃ સંસ્થા શાળા આવવું જોઈ એ વર્તમાન માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓ સાથે આત્મીયતા થી જૂની સ્મૃતિ ઓ વાગોળી હતી રાભડા પ્રાથમિક શાળામાં પ્રાથમિક અભ્યાસ કર્યો હોય,શાળા પ્રત્યે લગાવ અને બાળકો માટે કશુંક કરી છૂટવાની ભાવનાથી તેમના દ્વારા બાળકોને સેવ ખમણી નો ભરપેટ નાસ્તો કરાવવામાં આવેલ.શાળાના શિક્ષકો અને ગામના સુજ્ઞ વાલીઓ દ્વારા વિશાલ કાલીયાણીની ઉતરોતર પ્રગતિ અને એમની ઉદાત ભાવના માટે તેમને ખૂબ રૂડા આશીર્વાદ અને ધન્યવાદ પ્રગટ કરેલ હતો..

# શિશુવિહાર – ભાવનગર દ્વારા શ્રી રાજેશ ધામેલિયાને શ્રી અનિલભાઈ શ્રીધરાણી 'માતૃભાષા સંવર્ધન પારિતોષિક'


## શ્રી લતાબહેન હિરાણીને 'શ્રી ભાગીરથી મહેતા સન્માન' અને શ્રી પ્રણવભાઈ પંડ્યાને 'શ્રી કિસ્મત કુરેશી સન્માન'થી નવાજવામાં આવ્યાં

ભાવનગરમાં છેલ્લા ૮૫ વર્ષથી સામાજિક, શૈક્ષણિક, સાહિત્યિક એમ અનેકવિધ લોકોપયોગી પ્રવૃત્તિ કરતી સંસ્થા 'શિશુવિહાર' છે. આ સંસ્થા દ્વારા વિવિધ ક્ષેત્રે અનોખું પ્રદાન કરનાર લોકોને વિવિધ સન્માન એનાયત કરીને બિરદાવવામાં આવે છે. 'શિશુવિહાર' દ્વારા આજે માતૃભાષા સંવર્ધન ક્ષેત્રે પ્રદાન કરનાર શ્રી રાજેશકુમાર ધામેલિયા (સુરત)ને શ્રી અનિલભાઈ શ્રીધરાણી 'માતૃભાષા સંવર્ધન ઍવૉર્ડ', કવયિત્રી શ્રી લતાબહેન હિરાણી (અમદાવાદ)ને શ્રી ભાગીરથીબહેન મહેતા જાહ્નવી સ્મૃતિ ઍવૉર્ડ તેમજ શ્રી પ્રણવભાઈ પંડ્યા (અમરેલી)ને શ્રી કિસ્મતભાઈ કુરેશી ગઝલ ઍવૉર્ડથી પોંખવામાં આવ્યાં. અવસરે અધ્યક્ષસ્થાન પદ્મશ્રી મુનીભાઈ મહેતાએ શોભાવ્યું હતું. જાણીતા કવિ શ્રી વિનોદભાઈ જોશી તેમજ શિશુવિહાર સંસ્થાના મંત્રીશ્રી નાનકભાઈ ભટ્ટ, કવિ શ્રી મનોહર ત્રિવેદી, ડૉ. નલિનભાઈ પંડિત (પૂર્વ નિયામક, જી.સી.ઈ.આર.ટી.) જેમની સ્મૃતિમાં પારિતોષિક એનાયત કરવામાં આવે છે તે શ્રીધરાણી-મહેતા-કુરેશી પરિવારના સભ્યો, બુધસભાના મિત્રો, પ્રબુદ્ધ નાગરિકો વગેરેની વિશેષ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો.કાર્યક્રમનો શુભારંભ સુમધુર પ્રાર્થનાથી કરવામાં આવ્યો. માનવંતા મહેમાનોનું શબ્દપુષ્પથી સ્વાગત શિશુવિહાર સંસ્થાના મંત્રીશ્રી નાનકભાઈ ભટ્ટે કર્યું હતું અને શિશુવિહાર સંસ્થાનો આછેરો પરિચય આપ્યો હતો, ત્યારબાદ મહેમાનોનું સ્મૃતિભેથી અભિવાદન કરવામાં આવ્યું. આ અવસરે શ્રી વિનોદભાઈ જોશી મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું. શ્રી અનિલભાઈ શ્રીધરાણી, શ્રી ભાગીરથીબહેન મહેતા જાહ્નવી અને શ્રી કિસ્મતભાઈ કુરેશીએ સાહિત્ય ક્ષેત્રે તેમજ 'શિશુવિહાર' સંસ્થામાં કરેલ પ્રદાન વિશે માહિતી આપી હતી. આજે સન્માન માટે પસંદગી પામેલ ત્રણેય સાહિત્યકારોના પ્રદાન વિશે પણ ટૂંકી વાત કરી હતી. મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે ખેસ, સન્માનપત્ર, પુસ્તકો, પુરસ્કાર વગેરે અર્પણ કરીને કવયિત્રી શ્રી લતાબહેન હિરાણી, શ્રી પ્રણવભાઈ પંડ્યા અને શ્રી રાજેશકુમાર ધામેલિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ અવસરે પ્રતિભાવ અને આનંદ ઉદ્‌ગાર વ્યક્ત કરતાં શ્રી રાજેશકુમાર ધામેલિયાએ જણાવ્યું હતું કે, "શિશુવિહાર સંસ્થા દ્વારા મારું સન્માન કરવામાં આવી રહ્યું છે, તે મારા માટે ખૂબ આનંદ અને ગૌરવની વાત છે;

આ મારા જીવનનો અવિસ્મરણીય અવસર છે. ખરેખર, આ મારું નહીં પરંતુ માતૃભાષા સજ્જતા અને સંવર્ધન ક્ષેત્રે અત્યાર સુધીમાં થયેલ કાર્યમાં સાથ-સહકાર આપનાર સૌ માતૃભાષાપ્રેમીઓનું સન્માન છે. 'સાચી જોડણી લાગે વહાલી' અને 'ભાષાસજ્જતા' પુસ્તિકાઓ ૩,૦૦,૦૦૦થી વધારે લોકોએ વસાવીને અદ્ભુત પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. ગુજરાતી-અંગ્રેજી માધ્યમની શાળાઓ તેમજ કૉલેજોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ૬૫૦થી વધારે સેમિનાર યોજાયા છે. કોઈ પણ જિજ્ઞાસુ શિક્ષક માત્ર ૧૦ કલાક ભાષાસજ્જતા માટે ફાળવે તો ૮૦-૯૦ % શુદ્ધલેખન શીખી શકે. આપણી ઈચ્છાશક્તિ હોય તો આધુનિક ટૅક્નૉલોજીની મદદથી માતૃભાષાનું સંવર્ધન ખૂબ સહેલાઈથી થઈ શકે તેમ છે." શ્રી પ્રણવભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, "ગઝલ ક્ષેત્રે ખૂબ મોટું પ્રદાન કરનાર કિસ્મત કુરેશીની સ્મૃતિમાં, શિશુવિહાર સંસ્થા દ્વારા મારું સન્માન થયું તે મારા જીવનનો અણમોલ અવસર છે." શ્રી પ્રણવભાઈએ પોતાનાં કાવ્યો રજૂ કરીને આનંદ વ્યક્ત કર્યો હતો. કવયિત્રી શ્રી લતાબહેન હિરાણીએ જણાવ્યું હતું કે, "આ પૂર્વે મને રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારો પ્રાપ્ત થયાં છે; પણ શિશુવિહાર સંસ્થા દ્વારા પ્રાપ્ત થયેલ ઍવૉર્ડનું મારે મને અનોખું સ્થાન છે. મારા જીવનમાં પિસ્તાળીસ વર્ષ પછી મેં લેખનયાત્રાનો પ્રારંભ કર્યો. બીમારીમાંથી બહાર આવવા માટે આરંભાયેલી આ સાહિત્યિક યાત્રા દ્વારા મને આનંદમય જીવનની પ્રાપ્તિ થઈ છે. આજ સુધીમાં અનેક સંસ્થાઓ અને લોકોનો મને સહયોગ સાંપડ્યો છે, તે સૌનો આભાર વ્યક્ત કરું છું.

# વડોદરામાં ભાજપના કાઉન્સિલરે વિશ્વામિત્રી કિનારે બંગલાની બાજુમાં કરેલા દબાણો દૂર કર્યા



વડોદરા

વડોદરામાં આવેલા પૂર બાદ પ્રજામાં ભાજપના નેતાઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે શહેર ભાજપ પ્રમુખ દ્વારા એક નિવેદન આપવામાં આવ્યું હતું કે, વિશ્વામિત્રી નદી કિનારે બનેલા ગેરકાયદેસર દબાણો કોઈના પણ હશે તે દૂર કરવામાં આવશે. શહેર ભાજપ પ્રમુખના આ નિવેદન બાદ ભાજપના કોર્પોરેટર દ્વારા વિશ્વામિત્રી નદી કિનારે કરાયેલા દબાણને દૂર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ભાજપ કાઉન્સિલર દ્વારા દબાણો દૂર કરવાની શરૂઆત કરતાં શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

પૂર બાદ લોકોમાં ભારે રોષ

વડોદરા શહેરમાં તા. ૨૬ ઓગસ્ટના રોજ આવેલા ભયાનક પૂર પાછળ વિશ્વામિત્રી નદી કિનારે કરેલા દબાણો કારણભૂત હોવાનું સામે આવ્યું છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં ભાજપના નેતાઓ સમયસર સહાય માટે ન પહોંચતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. ત્યારે શહેર ભાજપ દ્વારા પૂરની વીકટ પરિસ્થિતિ વચ્ચે નેતાઓ અને કાર્યકરો દ્વારા કામગીરી કરવામાં આવી હોવાની વાતો શહેર ભાજપ પ્રમુખ ડો. વિજય શાહ દ્વારા કરવામાં આવી હતી.

તમામ દબાણો દૂર કરાશે

તેમણે કોંગ્રેસની જન આક્રોશ રેલી સામે એક પત્રકાર પરિષદનું આયોજન કરી જણાવ્યું હતું કે, વિશ્વામિત્રી નદી કિનારે જે કોઈ પણ દબાણો હશે તેને દૂર કરવામાં આવશે. તેમણે પત્રકારોને એમ પણ કહ્યું હતું કે, તમે જેના નામ જોગ વાત કરી રહ્યા છો એ દબાણ પણ દૂર કરાશે. ડો. વિજય શાહના આ નિવેદન બાદ વિશ્વામિત્રી નદી કિનારે કરવામાં આવેલા દબાણો હવે દૂર કરવાની કામગીરી સ્વૈચ્છીક શરૂ કરી દેવામાં આવી છે.

નદી કિનારે સો ફૂટ ઉપરાંતના દબાણ

શહેરના સમાં હરણી લિંક રોડ પર વિશ્વામિત્રી નદી કિનારે ભાજપના વોર્ડ નંબર ૩ના કોર્પોરેટર પરાક્રમસિંહ જાડેજાનો આલીશાન બંગલો આવેલો છે. જ્યાં વિશ્વામિત્રી નદીની અંદાજે ૧૦૦ ફૂટ ઉપરાંત ગમ્મતઅંદર દબાણ કરવામાં આવ્યું હતું. જેની સામે વખતો વખત અનેક સવાલો ઉભા થયા હતા.

પરંતુ પાલિકાના ભ્રષ્ટ અધિકારીઓની આંખે પટ્ટી બંધાઈ હોય એમ કોઈ આ દબાણો દૂર કરવા અંગે કોઈ પણ પ્રકારની કામગીરી કરવામાં આવી ન હતી.

ધોવાણ ન થાય તે માટે બનાવ્યું હતુંઃ પરાક્રમસિંહ જાડેજા

આ અંગે ભાજપ કાઉન્સિલર પરાક્રમસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારનું દબાણ કરવામાં આવ્યું નથી. નદી કિનારાનું ધોવાણ ન થાય તે માટે બાંધકામ કરવામાં આવ્યું છે. જે દબાણ આજે દૂર કરવાની શરૂઆત કરવામાં આવી છે. હાલ હું દિલ્હી કામ માટે આવ્યો છું. શહેરમાં વિશ્વામિત્રી નદી ઉપર અનેક દબાણો છે. જે આવનાર સમયમાં ઉજાગર કરીશ.

આ અંગે ભાજપ કાઉન્સિલર પરાક્રમસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારનું દબાણ કરવામાં આવ્યું નથી. નદી કિનારાનું ધોવાણ ન થાય તે માટે બાંધકામ કરવામાં આવ્યું છે. જે દબાણ આજે દૂર કરવાની શરૂઆત કરવામાં આવી છે. હાલ હું દિલ્હી કામ માટે આવ્યો છું. શહેરમાં વિશ્વામિત્રી નદી ઉપર અનેક દબાણો છે. જે આવનાર સમયમાં ઉજાગર કરીશ.

# વડોદરા ડિવિઝનના ઓડ-થાસરા સ્ટેશનો વચ્ચે ડબલિંગ કામને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે, ૯ ટ્રેનો ૧૧થી ૩૦ સપ્ટેમ્બર સુધી રદ



વડોદરા

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના આણંદ-ગોધરા સેક્શનના ઓડ-થાસરા સ્ટેશનો વચ્ચે ડબલિંગના નોન ઈન્ટરલોકીંગ કાર્યને કારણે લેવામાં આવેલા બ્લોકને કારણે મેમુ ટ્રેન ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૧૩૧ આણંદ - ગોધરા મેમુ ટ્રેન ૧૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી રદ રહેશે

ટ્રેન નંબર ૦૯૧૩૨ ગોધરા - આણંદ મેમુ ટ્રેન ૧૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી રદ રહેશે

ટ્રેન નંબર ૦૯૩૭૯ આણંદ -ડાકોર મેમુ ટ્રેન ૧૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી રદ રહેશે

ટ્રેન નંબર ૦૯૩૮૦ ડાકોર-આણંદ મેમુ ટ્રેન ૧૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી રદ રહેશે

ટ્રેન નંબર ૦૯૩૯૩ આણંદ - ગોધરા મેમુ ટ્રેન ૧૧ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર સુધી રદ રહેશે

ટ્રેન નંબર ૦૯૩૯૬ ગોધરા - આણંદ મેમુ ટ્રેન ૧૧મી સપ્ટેમ્બરથી ૨૪મી સપ્ટેમ્બર સુધી રદ રહેશે

આ ટ્રેનો ૧૧.૯.૨૪થી ૨૪.૯.૨૦૨૪ સુધી ઉમરેઠ સ્ટેશન પર રોકાશે નહીં

ટ્રેન નંબર ૦૯૩૮૭ આણંદ - ડાકોર મેમુ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૩૮૮ ડાકોર - આણંદ મેમુ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૩૪૯ આણંદ - ગોધરા મેમુ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૧૩૩ આણંદ - ગોધરા મેમુ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૩૫૦ દાહોદ - આણંદ મેમુ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૧૩૪ ગોધરા - આણંદ મેમુ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૩૯૫ આણંદ - ગોધરા મેમુ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૩૯૪ ગોધરા - આણંદ મેમુ ટ્રેન

રેલવે મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી કરવામાં આવે છે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

printed By JAIN PANKAJKUMAR DHANKUMAR, And Published By JAIN PANKAJKUMAR DHANKUMAR, on Behalf OF JAIN PANKAJKUMAR DHANKUMAR, And Printing At Janta Ki Awaaz Offset Company, Address : AT: &PO Vansi, Ta & Dit. Bharuch-Pin: 392160. Place Of Publication : 23 MANMOHANPARK, VAGHODIYA, TA. VAGHODIYA DIST. VADODARA, GUJARAT : VOLUME:128- EDITOR IN CHIEFB: NILESH PATHAK